ગાંધીનગર સમાચાર


## ડાયરેક્ટ ❤ સે

મૂઠ્ઠીમાં
જે ખુશીઓ બંધ છે
એ બધાંમાં
વહેંચી દો
તમારી હોય કે મારી
હથેળી તો
એક દિવસ
ખાલી જ રહેવાની છે


## જન્મદિને વધામણી



ડો. ખ્યાતિ સતિષભાઈ પટેલ



જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય
લાયોનેસ ક્લબ



શૌર્ય મહેશકુમાર રાવત

# વાયબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટનો ગાંધીનગરમાં પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે વિશ્વાસ વ્યકત કર્યો છે કે, આજનો યુવા પોતાના આગવા ઈનોવેશન્સ અને સ્ટાર્ટઅપના માધ્યમથી ગુજરાતની વાયબ્રન્ટ ઈકોનોમીમાં સહભાગી થવા સંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આજથી ત્રણ દિવસ માટે યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ ૨૦૧૮નો પ્રારંભ કરાવ્યો હતો.

સિમ્પલીફીકેશન એન્ડ હેન્ડ હોલ્ડીંગ, ફંડીંગ સપોર્ટ એન્ડ ઈન્સેટીવ્ઝ તેમજ ઈન્ડસ્ટ્રી એકેડેમીયા પાર્ટનરશીપ એન્ડ ઈન્કયુબેશનના આ ફોકસ સેકટરને પરિણામે ભારતમાં યુવા સ્ટાર્ટઅપ માટે રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવાના અવસર મળ્યા છે એમ તેમણે ઉમેર્યુ હતું.

ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરનારૂં દેશનું પહેલું રાજ્ય છે તેનું ગૌરવ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્યની ૬૦ થી વધુ યુનિવર્સિટી, ૧ હજારથી વધારે શૈક્ષણિક સંસ્થાન અને લાખો વિદ્યાર્થીઓને પોલિસીનો લાભ આપવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ સમીટમાં ખાસ ઉપસ્થિત રહેલાં મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ જનરલ ઓફ કેનેડાના કોન્સ્યુલ અને ટ્રેડ કમિશનર કેડ હેન્સલરે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ અને ટેકનોલોજીના સહારે ભાવિ આર્થિક વિકાસ માટે આ સમીટ શ્રેષ્ઠ તકો પૂરી પાડશે. તેમણે આ સમીટને ઉભરતા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ માટે શ્રેષ્ઠ તક સમાજ ગણાવી કેનેડા અને ગુજરાત વચ્ચેના મજબૂત આર્થિક સંબંધોને મહત્વરૂપ ગણાવ્યા હતા.

નાસ્કોમના પ્રેસિડેન્ટ દેબજાની ઘોષે સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતને શ્રેષ્ઠ પ્રદાન કરવાની તકનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતીઓમાં વેપાર સુઝ જન્મજાત હોય છે, વેપાર-ધંધા ગુજરાતીઓના ડીએનએમાં વણાયેલાં છે ત્યારે સ્ટાર્ટઅપ સાથેના ઈનોવેશન અને નવા આઈડિયા સાથેની ટેકનોલોજીના સહારે ભાવિ આર્થિક વિકાસ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર બની રહેશે. આજે દેશને આઈટી અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે નવી પ્રતિભાઓની તલાશ છે ત્યારે ગુજરાત આ ક્ષેત્રે શ્રેષ્ઠ તકને ઝડપી લઈ ન્યુ ટેલેન્ટના નિર્માણ માટે ગુજરાત દેશભરનું હબ બને તેવો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ટેક મહિન્દ્રાના સીઈઓ અને એમડી સી.પી.ગુરનાનીએ ગુજરાતની શક્તિને પીછાણવાની જરૂર છે તેમ જણાવી ઉમેર્યું હતું કે, આ એવું રાજ્ય છે જે દેશની માત્ર પાંચ ટકા વસતી ધરાવે છે પરંતુ રાષ્ટ્રની કુલ નિકાસમાં ૨૨ ટકા હિસ્સો ધરાવે છે. આવનારા સમયમાં ગુજરાત દેશનું નવું સ્ટાર્ટઅપ કેપિટલ બનવા સમર્થ બનશે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહે ઉપસ્થિત સૌનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ત્રણ કરોડ રૂપિયાના પુરસ્કારો જાહેર કર્યાનું જણાવતા મુખ્યસચિવે માહિતી આપી હતી કે, સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી ક્ષેત્રે આ માટે જે અરજીઓ મળી છે તેમાંથી બે તૃતિયાંશ અરજીઓ એકલા ગુજરાતમાંથી આવી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આઈટી ક્ષેત્રના રાષ્ટ્રના કુલ વિકાસમાં ગુજરાત દસ ટકાથી પણ વધારે યોગદાન આપવા સક્ષમ છે અને આ સમીટ આ દિશામાંનું નક્કર કદમ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે યશ બેન્ક અને જીઆઈડીસી ગુજરાત સરકાર વચ્ચે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે એમઓયુ સંપન્ન થયા હતા તથા મહાનુભાવોના હસ્તે આઈપી બુક, ‘સ્ટાર્ટઅપ ગુજરાત’ અને ‘અગ્રીમ ગુજરાતી’ કોફીટેબલ બુકનું વિમોચન અને સ્વીસ બેઈઝડ ટેકનોલોજી ગ્રુપ દ્વારા તૈયાર કરાયેલ ઈન્ડો સ્વીસ બ્લોક ચેઈનનું લોન્ચીંગ પણ કરાયું હતું.

આ પ્રસંગે ગેઝીયા આઈટી એસોસીએશનના વિવેક ઓગ્રા, મુંબઈ સ્થિત સ્વીડનના કાઉન્સિલ જનરલ ઉલ્લરીકા સન્ડબર્ગ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સિચવ એમ. કે. દાસ, જીઆઈડીસીના વાઈસ ચેરમેન અને એમડી ડી.થારા, ઉદ્યોગ કમિશનર મમતા વર્મા સહિત ઉદ્યોગ ખાણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, દેશભરના ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા યુવાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં સ્વાગત પ્રવચન ઈ-મિત્ર રોબોટ દ્વારા કરાયું હતું અને આભારવિધિ ફિક્કીના ચેરમેન રાજીવ વસ્તુપાલે કરી હતી.

# ગાંધીનગરમાં રાજયકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

## પ્રાચીન ગરબામાં ગાંધીનગર, અર્વાચીન ગરબામાં રાજકોટ, રાસમાં ભાવનગર પ્રથમ

ગાંધીનગર, તા. ૧૧

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે તા. ૦૪ થી ૦૭ ઓકટોબર, ૨૦૧૮ દરમ્યાન રાજય કક્ષા નવરાત્રી રાસ- ગરબા સ્પર્ધા – ૨૦૧૮ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાસ-ગરબા સ્પર્ધામાં સમગ્ર રાજયમાંથી વિવિધ ગ્રૃપોએ ભાગ લીધો હતો.

પ્રાચીન ગરબા કૃતિમાં પ્રથમ ક્રમે ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર, દ્વિતીય ક્રમે વડોદરા શહેરનું ગાંધર્વ કલા કેન્દ્ર, અને તૃતીય ક્રમે ભાવનગર ગ્રામ્યનું જય બહુચરાજી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ રહ્યું હતું. અર્વાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબરે રાજકોટ શહેરનું શ્રી વૃંદ, દ્વિતીય નંબરે ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર અને તૃતીય ક્રમે વલસાડ જિલ્લાનું કુસુમ વિદ્યાલયનું ગૃપ વિજેતા બન્યું હતું. રાસ કૃતિમાં પ્રથમ સ્થાને ભાવનગર જિલ્લાની કલાપથ સંસ્થા, દ્વિતીય સ્થાને સુરેન્દ્રનગર જિલ્લાનું ભરવાડ માલધારી રાસ-મંડળ અને તૃતીય સ્થાને જુનાગઢ ગ્રામ્યની રાજપુતપરા રાસ મંડળ, બાટવા વિજેતા થયા હતા.

# આદિજાતિ બાળકોને ઘરઆંગણે શિક્ષણની સુવિધા માટે મેડિકલ કોલેજ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૧

આજે ગાંધીનગરમાં મુખ્યપ્રધાન વિજય રુપાણીના અધ્યક્ષ સ્થાને આદિજાતિ સલાહકાર પરિષદની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યપ્રધાન રુપાણીએ રાજ્યના અંતરિયાળ-છેવાડાના ગામોના સમ્યક અને સમતોલ વિકાસ માટે પેસા એકટ, જમીન સનદો, સિંચાઈ, શિક્ષણ, ટ્રાન્સપોર્ટ, રસ્તા જેવી ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓની વૃદ્ધિ માટે સંબંધિત વિભાગો વિશેષ કાળજી દાખવે તેવો પ્રેરક અનુરોધ કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે છેવાડાના માનવી અને વિસ્તારોને પણ વિકાસની મુખ્ય હરોળમાં લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યપ્રધાને જણાવ્યું કે રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પણ આરોગ્ય શિક્ષણની સુવિધા આદિજાતિ બાળકોને ઘર આંગણે મળે તે માટે મેડીકલ કોલેજીસ શરૂ કરી છે. તબીબો પણ ત્યાં સ્થાનિક ઉપલબ્ધ બનાવ્યા છે. આરોગ્ય સેવાઓની જેમજ શિક્ષણની અન્ય સુવિધાઓનો વ્યાપ વધુ વિસ્તારવો છે. મુખ્યપ્રધાને આદિજાતિ વિસ્તારોમાં મુખ્યત્વે સિંચાઈ માટે પાણી, વીજળી, ફોરેસ્ટ એકટ, પંચાયતના નિયમો વગેરેને કારણે છેવાડાના ગામો-વંચિતોને જે નાની-મોટી સમસ્યાઓ હોય તેનું બધા જ સંબંધિત વિભાગો સાથે મળીને ઉકેલ-નિવારણ લાવે તે માટે માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકારે દેશના જે ૧૧૭ જિલ્લાઓને એસ્પીરેશનલ ડ્રીસ્ટ્રીકટ જાહેર કર્યા છે તેમાં ગુજરાતના બે આદિજાતિ જિલ્લા નર્મદા અને દાહોદનો સમાવેશ થયેલો છે. દાહોદે પ્રથમ ક્રમ મેળવ્યો છે જયારે નર્મદા ૧૭માંથી ૯માં ક્રમે આવી ગયુ છે ત્યારે હજુ વધુ આદિજાતિ વિકાસલક્ષી કાર્યોને વેગ આપીને નર્મદાને પણ આગળ લાવવાની નેમ તેમણે વ્યકત કરી હતી.

# શ્રીમતી આર સી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી આર સી પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના કોમર્સ વિદ્યાશાખાના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે એક ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૧૨૦ વિદ્યાર્થીઓને મહેસાણા ખાતે કાર્યરત મારૂતિ ગ્લેઝ ટાઈલ્સ એન્ડ સિરામીક ફેકટરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં તેમને શૈક્ષણિક અભ્યાસમાં આવતા મુદ્દા - ઉત્પાદન, સંચાલન, માનવ સંસાધન સંચાલન, વહીવટનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. ફેકટરીના માલિક કમલેશભાઈ તથા શૈલેષભાઈએ સક્રિય રસ લઈ વિદ્યાર્થીઓને ફેકટરીની વિગતો આપી હતી.

પ્રિન્સિપાલ વિનોદભાઈના માર્ગદર્શનમાં મેઘાબેન ભટ્ટ અને ડૉ. અરવિંદ પટેલ દ્વારા આ મુલાકાતનું આયોજન, સંચાલન કરવામાં આવ્યું હતું.

# રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલી ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની વિવિધ રમતોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જિલ્લા કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન પ્રાપ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ચેસ અન્ડર-૧૧ સ્પર્ધામાં ઋતુલ પલ્કેશભાઈ પટેલ પ્રથમ, ટેકવોન્ડો અન્ડર-૧૪માં ધ્રુવ ધીરજભાઈ પ્રજાપતિ પ્રથમ, ૨૦૦ મીટર દોડ અન્ડર-૧૪માં સાહિલ પારૂભાઈ હઠીલા પ્રથમ, કુસ્તી અન્ડર-૧૭માં સ્નેહ નરેન્દ્રભાઈ પરમાર દ્વિતિય, જૂડો અન્ડર-૧૭માં તૃતિય, સ્કેટિંગ ઈન લાઈન અન્ડર-૧૪માં ધર્મ વિજયકુમાર શર્મા તૃતિય, સ્કેટિંગ ક્વોડ અન્ડર-૧૪માં ક્રિષ્ના પરબતસિંહ ચંડીસરા તૃતિય, સ્કેટિંગ ક્વોડ અન્ડર-૧૪ સ્પર્ધામાં પૃથ્વીરાજ દિપકસિંહ રાણા તૃતિય અને કુસ્તી અન્ડર-૧૪માં પાર્થ કિશોરભાઈ પટેલ તૃતિય સ્થાને વિજેતા બન્યા હતા.

સૌ ખેલાડીઓને આચાર્ય નીવાબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રાદ્ધના છેલ્લા દિવસે સોમવતી અમાસ નિમિત્તે મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં ૩૮ લાભાર્થીઓને ચોખા, મગ, મગદાળ, ચા, મીઠું વગેરે ૧૦ વસ્તુઓનું વિતરણ કર્યું હતું. આ પછી ભવાનપુર-૧, ૨, ગઢીયા, સદ્રાલ, મુળીયાટીંબા, હરદાસપુર તથા કરણપુરની શાળાઓમાં બાળકોને નવાં કપડાં, નોટબુક, પેન, પેન્સિલ, સ્કેચપેનનાં પેકેટ, બિસ્કીટનાં પેકેટ અને નાસ્તો આપવામાં આવ્યો હતો. સંસ્થા તરફથી વસંત પટેલ, શુક્લભાઈ, મહર્ષિ, મિલિન્દભાઈ તથા યોગેશભાઈ આ સેવાપ્રવૃત્તિઓમાં જોડાયા હતા.

# સાહિત્યસભા દ્વારા રવિવારે સ્વરચના પઠનનો કાર્યક્રમ

## સાહિત્યસભાના સભ્યો ઉપરાંત સૌ સર્જકોને સ્વરચિત કૃતિઓનો પાઠ કરવા આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૧

વિસતારી ગરવી ગુજરાતી ભાષામાં લોકોનો રસ કેળવાય અને માતૃભાષાનો વ્યાપ વધે તથા માતૃભાષા ગુજરાતીમાં માતબર ખેડાણ થાય તે હેતુસર ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા દર માસે યોજાતી માસિક સભા અને સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત ૧૪ ઓક્ટોબર ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સ્વરચના પઠન કાયક્રમ સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ સભામાં ઉપસ્થિત કોઈપણ મહાનુભાવ પોતાની અગાઉ પ્રસ્તુત ન થયેલી હોય તેવી સ્વરચિત કાવ્ય, ગીત, ગઝલ કે લઘુકથા કૃતિનું સ્વમુખે પઠન કરી શકશે.

આ સાહિત્યિક કાર્યક્રમમાં પધારવા સૌ સભ્યો, રસજ્ઞો, નાગરિકોને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રવકતા મુળજીભાઈ પરમાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૧

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ-૮ઈમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ફ્લોરા એંજિનિયરે ગાંધીનગર સેક્ટર-૨૧ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ અંડર-૧૪ગર્લ્સ સિંગલ્સ બેડ મિંટન સ્પર્ધામાં બીજા ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કરીને તેમજ રાજ્ય કક્ષાએ પસંદગી પામીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

એસ જી સ્કૂલનાં આચાર્ય મિલી સિંઘે સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન સહ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.




# ગાંધીજીનું અહિંસા નામનું શસ્ત્ર

અહિંસા એક એવી નીતિ છે જેમાં કોઈને જાણ્યે-અજાણ્યે પણ દુખ પહોંચાડવાનો પ્રયત્ન નથી કરવામાં આવતો. આ એ નીતિ છે જેને ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી જેવી મહાન વ્યક્તિઓ દ્વારા પ્રસારિત કરવામાં આવી છે. મહાત્મા ગાંધી એ પ્રસિદ્ધ વ્યક્તિ પૈકીના એક છે જેમણે અહિંસા નીતિનું પાલન કર્યું છે. તેઓ અહિંસા નીતિનો ઉપયોગ બ્રિટીશ હકૂમત સામે લડવા માટે એક હથિયાર તરીકે કરતા હતા. અહિંસાનું આ હથિયાર એવું કારગર નિવડ્યું કે આખરે અંગ્રેજોને દેશ છોડીને જવું પડ્યું અને આ દેશને આઝાદી મળીને જ રહી.

૧૫૦ ગાંધીયાત્રા

ભારતના સ્વતંત્રતા સંઘર્ષમાં ગાંધીજીના આવ્યા બાદ અહિંસાનું મહત્ત્વ ઘણું વધી ગયું હતું. અલબત્ત, આ સમયે દેશમાં સ્વતંત્રતા હેતુ જ હિંસાનો ક્રમ પણ ચાલુ હતો. જો કે હકીકત એ હતી કે માર્ગ અહિંસાનો હોય કે હિંસાનો, બંને રસ્તે અંગ્રેજ હકૂમત સામે અવાજ ઉઠાવનારા, લડનારા અને પોતાના પ્રાણોની આહૂતિ આપનારા વીરલાઓની કમી નહોતી. એવા અનેક લોકોએ હસતાં-હસતાં દેશની આઝાદી અર્થે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા હતા.

મહાત્મા ગાંધીનું આંદોલન એ એવું આંદોલન હતું જેમાં દેશની સંપૂર્ણ આઝાદી માટે શાંતિપૂર્વક દેખાવો કરવામાં આવતા હતા. મહાત્માએ પોતાના દરેક આંદોલનમાં અહિંસાનો જ માર્ગ અખત્યાર કર્યો છે, જે પૈકીના બહુ જાણીતા આંદોલનોનો ઉલ્લેખ અહીં કરવો છે.

### ચંપારણ અને ખેડા આંદોલન

૧૯૧૭માં ચંપારણના ખેડૂતોને અંગ્રેજો દ્વારા મજબૂર કરવામાં આવ્યા કે તેઓ ગળીની ખેતી કરે અને તેને એક નિશ્ચિત દરે અંગ્રેજ સરકારને વેચે. આ નિર્ણય વિરુદ્ધ ગાંધીજીએ અહિંસક આંદોલનનાં મંડાણ કર્યા. આખરે અંગ્રેજોને એમની માગણીનો સ્વીકાર કરવો પડ્યો. આ આંદોલન ચંપારણ આંદોલન નામથી જાણીતું થયું હતું.

૧૯૧૮માં ગુજરાતના ખેડામાં ભીષણ પૂર આવ્યું હતું અને આ કારણે લીલો દુષ્કાળ પડ્યો હતો. આ ગંભીર સંકટ બાદ પણ અંગ્રેજ સરકાર લોકોના કર ઘટાડવાના પક્ષમાં નહોતી. આ બાબતનો ગાંધીજીએ વિરોધ કર્યો અને અહિંસક આંદોલનની શરૂઆત કરી. આખરે અંગ્રેજ સરકારને એમની વાત માનવી પડી અને કરમાં છૂટ આપવા માટે તૈયાર થવું પડ્યું. આ સત્યાગ્રહ ખેડા સત્યાગ્રહ નામથી જાણીતો બન્યો.



### અસહકાર આંદોલન

અંગ્રેજોની ક્રૂર નીતિઓ અને જલિયાંવાલા બાગ નરસંહારના કારણે ૧૯૨૦માં અસહકાર આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી. અંગ્રેજી હકૂમત સામે શરૂ થયેલું આ અહિંસક આંદોલન હતું. ગાંધીજીનું માનવું હતું કે અંગ્રેજો ભારતમાં શાસન કરવામાં એટલા માટે સફળ થયા હતા કારણ કે એમને ભારતીયોનો સહયોગ મળ્યો હતો. આ માટે તેમણે લોકોને અંગ્રેજ હકૂમત સાથે અસહકાર કરવાની સૂચના આપી. એમની વાત માનીને નાગરિકોએ અંગ્રેજી સરકારનાં પદોનો ત્યાગ કર્યો. શિક્ષક, સરકારી વ્યવસ્થા અને સરકારી પદો પરથી લોકોએ રાજીનામાં આપવાની શરૂઆત કરી. આ સાથે જ લોકોએ અંગ્રેજી વસ્ત્રો અને વસ્તુઓનો બહિષ્કાર પણ કર્યો ને સ્વદેશી વસ્તુઓ અપનાવવાની શરૂઆત કરી. અસહકાર આંદોલન એ આંદોલન હતું, જેમાં ના કોઈ શસ્ત્રનો ઉપયોગ થયો કે ના જરાય રક્ત વહ્યું. પરંતુ તેમ છતાં આ આંદોલન એટલું મજબૂત પણ હતું કે એનાથી અંગ્રેજ હકૂમતના પાયા હલી ગયા.

### મીઠાનો સત્યાગ્રહ (દાંડીયાત્રા)

મીઠા ઉપર અંગ્રેજ સરકારના ઈજારાનો વિરોધ કરવા માટે ગાંધીજી દ્વારા દાંડી સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવી હતી. તેમણે ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ દાંડી યાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ યાત્રા સાબરમતી આશ્રમથી શરૂ કરીને ૨૬ દિવસ પછી ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ દાંડીમાં સમાપ્ત થઈ હતી. ગાંધીજી દ્વારા મીઠાના કાયદાની અવહેલના કરવામાં આવી અને લોકોએ સ્થાનિક કક્ષાએ મીઠું બનાવવાની અને વેચવાની શરૂઆત કરી. આ સત્યાગ્રહ પણ અહિંસક હતો, જેણે સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું અને સ્વતંત્ર ભારતના સ્વપનને મજબૂત કરવાનું સૌથી મહત્ત્વનું કામ પણ કર્યું.



### હિન્દ છોડો આંદોલન

દાંડી સત્યાગ્રહની સફળતાએ અંગ્રેજ હકૂમતના પાયા હલાવી નાંખ્યા હતા. એ પછી અંગ્રેજોને ભારતમાંથી ઉખાડવા માટે ૮ ઓગષ્ટ, ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધી દ્વારા હિન્દ છોડો આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી. આ સમય બીજા વિશ્વયુદ્ધનો હતો અને બ્રિટન જર્મની સામે યુદ્ધમાં વ્યસ્ત હતું. આવા સમયે બાપુના ભારત છોડો આંદોલને અંગ્રેજી સરકાર માટે મોટી મુશ્કેલી ઊભી કરી દીધી હતી.

આ આંદોલનને કારણે સમગ્ર દેશમાં અસહકાર આંદોલનની શરૂઆત થઈ ગઈ અને ભારતીયોએ પોતાને બીજા વિશ્વયુદ્ધથી દૂર કરવાની માગ શરૂ કરી દીધી હતી. હિન્દ છોડો આંદોલનનો પ્રભાવ એટલો મોટો હતો કે વિશ્વયુદ્ધ પૂર્ણ થતાં તો અંગ્રેજ સરકારે ભારતને સ્વતંત્રતા આપવાની કબૂલાત કરવી પડી. આમ, હિન્દ છોડો આંદોલન એ ભારતમાં બ્રિટીશ હકૂમત સામે આખરી હૂમલો બની રહ્યો હતો.

મહાત્મા ગાંધી દ્વારા આદરવામાં આવેલાં આ સઘળાં આંદોલનો અહિંસક હતાં અને એમાં ક્યારેય કોઈપણ રીતે હિંસાનો ઉપયોગ નહોતો થયો. પરંતુ એમનાં આંદોલનોમાં સત્ય અને અહિંસાની શક્તિનો પ્રભાવ એટલો વધુ હતો કે સમગ્ર વિશ્વનું ધ્યાન ભારતીય સ્વતંત્રતા સંઘર્ષ તરફ દોરાયું હતું. આ સાથે જ આ આંદોલનોએ આંતરરાષ્ટ્રીય સ્તરે અંગ્રેજી હકૂમતની આકરી નીતિઓને જાહેર પણ કરી દીધી.

ગાંધીજીનું માનવું હતું કે હથિયાર અને હિંસા કોઈપણ સમસ્યાનું સમાધાન નથી, એનાથી સમસ્યાઓ ઘટવાને બદલે વધે છે. હિંસાથી લોકોમાં ભય, નફરત અને ગુસ્સો વધે છે. અહિંસાના રસ્તે આપણે હથિયાર ઉઠાવ્યા વિના શક્તિશાળી શત્રુઓને પરાસ્ત કરીને વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ.